## પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ માટે અતી અગત્યની સુચનાઓ

- ‘Admission Token Fee’ બટન પર ક્લીક કરી ઓનલાઈન ટોકન ફી ભરવાની રહેશે. ઓનલાઈન ટોકન ફી ભરવાની તારીખ ૨૧.૦૯.૨૦૨૨ થી ૨૫.૦૯.૨૦૨૨ છે.
- **ખાસ નોંધ : જે વિદ્યાર્થીઓ એ એક કરતા વધુ પ્રોગ્રામ કેટેગરીમાં એડમિશન ફોર્મ ભરેલ હોય અને** તેવા વિદ્યાર્થીઓ ને જેટલી પ્રોગ્રામ કેટગરીમાં એડમિશન મળતું હોય તે તમામ પ્રોગ્રામ કેટેગરીમાં **ટોકન ફી ભરવાની રહેશે અન્યથા જે પ્રોગ્રામ કેટેગરીની ફી ભરેલી હશે તેમા તે વિદ્યાર્થીનું નામ રહેશે અને અન્ય પ્રોગ્રામ કેટેગરીમાંથી તે વિદ્યાર્થીનું નામ નીકળી જશે.**




- **ટોકન ફી ભર્યા પછી એડમીશન કન્ફર્મ કરવા માટે પ્રવેશ મેળવેલ કોલેજ ખાતે તારીખ ૨૧.૦૯.૨૦૨૨ થી ૨૬.૦૯.૨૦૨૨ સુધીમાં હાજર થવું ફરજીયાત છે (હાજર થતી વખતે તમામ ઓરીઝનલ ડોક્યુમેન્ટ(બુકલેટ મુદ્દા નં-૧૪ મુજબ) તથા એક સેટ ઝેરોક્ષ સાથે રાખવા).**

### પ્રથમ ચોઇસની કોલેજમાં એડમિશન મળતું હોય તો......

- **વિદ્યાર્થીએ ચોઇસ કરેલ કોલેજોમાંથી જો તેમને તેની પ્રથમ ચોઈસ કરેલ કોલેજમાં એડમિશન મળતુ હોય તો તેમને ટોકન ફી (ભાઈઓ માટે રૂ.૮૨૦૦/- તેમજ બહેનો માટે રૂ.૩૨૦૦/-)** ભરી પ્રવેશ મળેલ કોલેજ ખાતે **તા.૨૬.૦૯.૨૦૨૨ સાંજના ૫.30 વાગ્યા સુધીમાં** ફરજીયાત હાજર થવાનું રહેશે. તેમજ બાકીની રૂ.૫૫૦૦/- ડિપોઝિટ રૂબરૂ પ્રવેશ મેળવેલ કોલેજ ખાતે ભરવાની રહેશે. ટોકન ફી ભર્યા પછી જો તે કોલેજ પર **તા.૨૬.૦૯.૨૦૨૨** સુધીમાં રૂબરૂ હાજર નહિ થાવ તો તમારો પ્રવેશ રદ્દ કરવામાં આવશે અને **આગળના રાઉન્ડમાં તમારું નામ આવશે નહિ. (આવા વિદ્યાર્થીઓ એ ફી રિફંડ મેળવવા માટે બુકલેટમાં દર્શાવ્યા મુજબ અરજી માટેની પ્રક્રિયા કરવાની રહેશે.)**



## પ્રથમ ચોઇસ સિવાયની કોલેજમાં એડમિશન મળતું હોય તો.....

- વિદ્યાર્થીઓ એ ચોઈસ કરેલ કોલેજોમાંથી જો તેમને **બીજી અથવા તેનાથી નીચેની (ત્રીજી અથવા ચોથી અથવા પાંચમી)** પસંદગી કરેલ કોલેજમાં પ્રવેશ મળે છે તેવા વિદ્યાર્થીઓ નીચે મુજબ બે પ્રક્રિયા કરી શકે....
  - ૧) આવા વિદ્યાર્થીઓ જો પ્રવેશ મળેલ કોલેજમાં જ એડમિશન લેવા માંગતા હોય અને આગળના રાઉન્ડમાં ભાગ ન લેવા માંગતા હોય તો તેવા વિદ્યાર્થીઓ એ **તા. ૨૫.૦૯.૨૦૨૨** સુધીમાં ફી ભરી **તા. ૨૬.૦૯.૨૦૨૨ સાંજના ૫.૦૦ વાગ્યા** સુધીમાં કોલેજ પર રૂબરૂ હાજર થઇ અને એડમિશન કન્ફર્મ કરાવવું ફરજીયાત છે.
  - ૨) અન્ય વિદ્યાર્થીઓ કે જેને પ્રવેશ મળેલ કોલેજ પસંદ ન હોય તો, અને આગળના રાઉન્ડમાં ભાગ લેવા માંગતા હોય તો તા. ૨૫.૦૯.૨૦૨૨ સુધીમાં માત્ર ઓનલાઈન ટોકન ફી ભરવાની રહેશે અને કોલેજ પર હાજર થવાનું રહેશે નહિ.




- **જે વિદ્યાર્થીઓને અત્યારે એડમીશન મળે છે તેમને મળેલ કોલેજમાં એડમીશન કન્ફર્મ કરવા અથવા આગળના રાઉન્ડમાં ભાગ લેવા માંગતા હોય તેને તા.૨૫.૦૯.૨૦૨૨ સુધીમાં ફી ભરવી ફરજીયાત છે. ફી નહિ ભરવામાં આવે તો આગળના રાઉન્ડમાં જે તે વિદ્યાર્થી નું નામ નીકળી જશે.**
- **જે વિદ્યાર્થીઓને કોઈપણ કોલેજમાં પ્રવેશ મળતો નથી તેમને કોઈ પણ પ્રકારની ફી ભરવાની રહેશે નહિ.**

**તા. ૨૧.૦૯.૨૦૨૨**
**જૂનાગઢ**

**કુલસચિવ**
**જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી**
**જૂનાગઢ**